# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
## સુરેન્દ્રનગર




# સંશોધન સારસંચય શ્રેણી




## ભાગ-1






પ્રેરક


ડૉ. સી. ટી. ટૂંડિયા
પ્રાચાર્ય
DIET-સુરેન્દ્રનગર

સંપાદક

ડૉ. રાજેન્દ્રકુમાર ડી. પિતલિયા
લેકચરર,
DIET-સુરેન્દ્રનગર

શૈક્ષણિક વર્ષ : 2025-26



**"નવીનતા અને સંશોધન એ પ્રગતિના આધારસ્તંભ છે."**



મને અત્યંત આનંદ અને ગર્વ થાય છે કે આપણી સંસ્થા દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP–2020)ના દિશાનિર્દેશોને ધ્યાને રાખીને તૈયાર કરાયેલ 'સંશોધન સારસંચય શ્રેણી' પ્રકાશિત થઈ રહી છે. આ બુક આપણા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા, સખત પરિશ્રમ અને વૈજ્ઞાનિક અભિગમનું જીવંત પ્રતિબિંબ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP–2020) માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતી સીમિત નથી, પરંતુ તે જ્ઞાનના વ્યવહારિક ઉપયોગ, આંતર-વિદ્યાશાખાકીય (Interdisciplinary) અભિગમ અને સર્જનાત્મક સંશોધન પર વિશેષ ભાર મૂકે છે. શિક્ષણ વ્યવસ્થામાં જ્યારે સંશોધન (Research) અને નવપ્રસ્થાન (Innovation) કેન્દ્રસ્થાને હોય, ત્યારે જ આપણે વૈશ્વિક સ્તરે 'જ્ઞાન મહાસત્તા' (Knowledge Superpower) બનવાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ.

આ સંશોધન સારાંશ બુકમાં સમાવિષ્ટ વિવિધ વિષયોના સંશોધન સારાંશ એ સાબિત કરે છે કે આપણા સંશોધકો સમાજની વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ શોધવા માટે કટિબદ્ધ છે. જ્ઞાનની આ સરવાણી આગામી પેઢીના વિદ્યાર્થીઓ અને અન્ય સંશોધકો માટે પ્રેરણારૂપ દીવાદાંડી સાબિત થશે, તેવો મને દ્રઢ વિશ્વાસ છે.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે રાત-દિવસ સતત મહેનત કરનાર ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા, લેકચરર, DIET–સુરેન્દ્રનગર અને તમામ ઉત્સાહી સંશોધક શિક્ષકોને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક વિધ શુભેચ્છાઓ વ્યક્ત કરું છું.

**"જ્ઞાનં પરમં બલમ્"**

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર



## :: નૂતન શિક્ષણ ક્ષિતિજ ::

## ક્રિયાત્મક સંશોધન દ્વારા શૈક્ષણિક પરિવર્તન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP–2020) ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં એક યુગાંતરકારી પરિવર્તન લાવવા માટે કટિબદ્ધ છે. આ નીતિ માત્ર સૈદ્ધાંતિક જ્ઞાનને બદલે વ્યવહારિક, કૌશલ્ય આધારિત અને વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ પર ભાર મૂકે છે. NEP–2020ના આ લક્ષ્યોને વર્ગખંડ સુધી પહોંચાડવા માટે શિક્ષક એક મુખ્ય કડી છે. વર્ગખંડની રોજિંદી સમસ્યાઓનો વૈજ્ઞાનિક અને તાર્કિક ઉકેલ શોધવા માટે 'ક્રિયાત્મક સંશોધન' (Action Research) એ સૌથી સશક્ત માધ્યમ છે.

શિક્ષણક્ષેત્રે પાયાના પરિવર્તન માટે શિક્ષકો પોતે જ એક સંશોધકની ભૂમિકા ભજવે તે સમયની માંગ છે. આ વિચારને સાર્થક કરવાના હેતુથી ઉત્સાહી અને કર્મઠ શિક્ષકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ ક્રિયાત્મક સંશોધનોને સંકલિત કરીને આ 'ક્રિયાત્મક સંશોધન સારાંશ બુક' તૈયાર કરવામાં આવી છે.

### પ્રસ્તુત સારાંશ બુકનો મુખ્ય ઉદ્દેશ્ય :

- ***NEP–2020નું અમલીકરણ :***
  શૈક્ષણિક નીતિના સિદ્ધાંતોને પ્રાયોગિક ધોરણે વર્ગખંડમાં લાગુ કરવા.
- ***નવીન પદ્ધતિઓનું આદાન–પ્રદાન :***
  શિક્ષકો દ્વારા શોધાયેલા સફળ પ્રયોગો અને નવીન શિક્ષણ પદ્ધતિઓ (Innovations) અન્ય શિક્ષકો સુધી પહોંચાડવી.
- ***વર્ગખંડની સમસ્યાઓનું નિવારણ :***
  ભાષાની કચાસ, ગણિતની કચાસ, અનિયમિતતા અને વિદ્યાર્થીઓના વર્તન–પરિવર્તન જેવા પ્રશ્નોના વ્યવહારિક ઉકેલો રજૂ કરવા.
- ***વ્યવસાયિક વિકાસ :***
  શિક્ષકોમાં સંશોધનાત્મક અભિગમ વિકસાવી તેમનો વ્યાવસાયિક ઉત્કર્ષ કરવો.

આ સારાંશ બુકમાં સમાવિષ્ટ દરેક સંશોધન વર્ગખંડની જીવંત પરિસ્થિતિઓમાંથી ઉદ્ભવ્યું છે. આમાં નબળા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક સ્તર સુધારવા, ડિજિટલ સાધનોનો રચનાત્મક ઉપયોગ કરવા અને આનંદદાયક શિક્ષણ (Joyful Learning) આપવા માટેના

સફળ પ્રયાસોની ઝાંખી જોવા મળશે. ટૂંકા અને સચોટ સારાંશના કારણે અન્ય શિક્ષકો પણ આ પ્રયોગોને પોતાની શાળામાં સરળતાથી લાગુ કરી શકશે.

એક સંપાદક તરીકે, મને પૂર્ણ વિશ્વાસ છે કે આ સારાંશ બુક માત્ર એક દસ્તાવેજ બનીને નહીં રહે, પરંતુ શિક્ષકો માટે માર્ગદર્શિકા અને પ્રેરણાસ્રોત સાબિત થશે. આ સારાંશ બુક શિક્ષણની ગુણવત્તા સુધારવાના આપણા સામૂહિક પ્રયાસોને નવી ઉર્જા આપશે.

આ સંશોધન સારાંશ બુકનું નિર્માણ કરવા માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપનાર ડૉ. સી. ટી. ટૂંડિયા, પ્રાચાર્ય, **DIET**–સુરેન્દ્રનગરનો હૃદયપૂર્વક અભાર વ્યક્ત કરું છું. આ સારાંશ બુકના નિર્માણમાં જે સંશોધક શિક્ષક મિત્રોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે, તે તમામના હાર્દિક પ્રયાસોને હું બિરદાવું છું. આ કાર્યને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર તમામ હિતધારકોનો હું અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ચાલો, **NEP–2020**ના વિઝનને સાકાર કરવા માટે સંશોધન આધારિત શિક્ષણ તરફ આગળ વધીએ.

**ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા**
લેકચરર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

# અનુક્રમણિકા


| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| 1 | મીતાબેન એમ. વ્યાસ | શ્રી મેથાણ પે–સેન્ટર શાળાના ધોરણ–6 ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં અનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણોના ઉચ્ચારણમાં થતી ભૂલોનો અભ્યાસ | 1 |
| 2 | હર્ષાબેન આર. પાણકુટા | ધોરણ–6 ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વાંચનમાં થતી સમસ્યાઓનો અભ્યાસ | 3 |
| 3 | વર્ષાબેન એચ. પંડ્યા | ધોરણ–6 ના વિદ્યાર્થીઓ શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોનું યોગ્ય રીતે ગાન કરી શકતા નથી | 5 |
| 4 | મયુરધ્વજ પી. કઠોલા | શ્રી નરાળી ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં કાળ ઓળખવામાં ભૂલ કરે છે | 7 |
| 5 | હાર્દિકકુમાર ડી. ધામેચા | શ્રી પ્રાથમિક શાળા નં. –14, ધ્રાંગધ્રાંના ધોરણ–6ના વિદ્યાર્થીઓ ગૃહકાર્ય સમજપૂર્વક કરતા નથી | 9 |
| 6 | ક્રિષ્નાબેન એમ. વ્યાસ | શ્રી સતાપર પ્રાથમિક શાળાના ધોરણ–8ના કેટલાક વિદ્યાર્થીઓ શ્લોક કંઠસ્થ કરવામાં મુશ્કેલી અનુભવે | 11 |
| 7 | અબ્દુલરહીમ એ. વડગામા | ધોરણ–6ના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી વિષયમાં શ્રુતલેખનની પ્રક્રિયામાં થતી ભૂલોનો અભ્યાસ | 13 |
| 8 | ડૉ. દિગંત એલ. દવે | ધોરણ–6ના વિદ્યાર્થીઓને દશાંશ સંખ્યાના સરવાળા અને બાદબાકીની ગણતરીમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ | 15 |
| 9 | ડૉ. ચંદ્રકાન્ત બી. પરમાર | પાટડી તાલુકાની દેગામ પ્રાથમિક શાળાના ધોરણ–7 ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા રજૂ કરી શકતા નથી | 17 |
| 10 | ચિરાગ બી. લખતરીયા | ધોરણ–8ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ લેતા નથી | 19 |
| 11 | ડૉ. મહિપાલસિંહ પી. પરમાર | ત્રણ–ચાર દિવસની લાંબાગાળાની રજા બાદ વિદ્યાર્થીઓ એક–બે દિવસ શાળાએ આવતા નથી | 21 |
| 12 | કે. ટી. ભાયાણી | વિદ્યાર્થીઓ સમાસ ઓળખવામાં ભૂલ કરે છે | 23 |
| 13 | જયપાલસિંહ મોરી | કેટલાક વિદ્યાર્થીઓ રિસેસ (વિરામ) દરમિયાન વર્ગમાં જ બેસી રહે છે | 25 |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધનનું શીર્ષક | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| 14 | દિનેશકુમાર એન. જોશી | ધોરણ–6ના વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી વિગતો, પુસ્તકોનું વાંચન કરવું ગમે છે, અન્ય વાંચનને નિરર્થક માને છે | 26 |
| 15 | ખ્યાતિ એચ. મહેતા | ધોરણ–6ના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાના વાંચનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ | 28 |
| 16 | ધ્વનીબેન એ. મેંઢા | ત્રિમાસિક કસોટીના મળેલ પરિણામોના આધારે ધોરણ–6ના અંગ્રેજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે પાઠ આયોજન | 30 |
| 17 | ગોરધનભાઈ રાઠોડ | ધોરણ–7માં પ્રકરણ–8માં પરાગનયન, પ્રકરણ–9માં આવર્તકાળ, પ્રકરણ–11માં અંતર્ગોળ અને બહિર્ગોળ અરિસા અને લેન્સ વચ્ચેનો તફાવત તેના વડે મળતા પ્રતિબિંબ જયારે પ્રકરણ–12માં વિઘટકો, વનનાબૂદી વગેરે શબ્દો સમજવામાં મુશ્કેલી પડે છે | 32 |
| 18 | ડૉ. સ્વીટીબેન સી. પુજારા | ધોરણ–6ના વિદ્યાર્થીઓની પુસ્તકાલયના પુસ્તક વાંચન અંગેની ઉદાસીનતાનો અભ્યાસ | 34 |
| 19 | ભાવનાબેન જી. પરમાર | ધોરણ–7ના વિદ્યાર્થીઓને ગુજરાતી નિબંધ લેખનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ | 36 |
| 20 | પ્રિયાંકકુમાર એમ. કોષ્ટિ | ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં વિશેષણની સમજનો અભ્યાસ | 38 |

**સંશોધન–1**

- **વિષય** : સંસ્કૃત વ્યાકરણ
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : શ્રી મેથાણ પે–સેન્ટર શાળાના ધોરણ–6 ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં અનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણોના ઉચ્ચારણમાં થતી ભૂલોનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધકનું નામ** : મીતાબેન એમ. વ્યાસ
- **શાળાનું નામ** : શ્રી મેથાણ પે–સેન્ટર શાળા, ધ્રાંગધ્રાં
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

સંશોધક દ્વારા શ્રી મેથાણ પે–સેન્ટર શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષયમાં અનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણોના ઉચ્ચારણમાં કેવી ભૂલો કરે છે તે જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- સંસ્કૃત વાંચન કરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા અનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણોના ઉચ્ચારણમાં થતી ભૂલો જાણવી.
- ઉચ્ચારણમાં થતી ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચાર દિવસના રોજના બે તાસ લેખે કુલ આઠ તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું

હતું. જેમાં ચાર્ટ, વ્યાકરણ પુસ્તકો, શબ્દ ચિઠ્ઠી જેવી પ્રવિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને અનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણોના ઉચ્ચારણની સમજ અને મહાવરો કરાવવામાં આવ્યો હતો.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી મેથાણ પે–સેન્ટર શાળાના ધોરણ–6ના 35 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ચાર્ટ, શબ્દ ચિઠ્ઠી, વિવિધ રમતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પ્રત્યક્ષ નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

પ્રયોગની શરૂઆતમાં કુલ 35 વિદ્યાર્થીઓ પૈકી ચાર (11.42%) જ વિદ્યાર્થીઓઅનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણોના ઉચ્ચારણ શુદ્ધ રીતે કરી શકતા હતા. પ્રયોગકાર્ય બાદ 24 વિદ્યાર્થીઓ (68.57%) અનુસ્વાર, વિસર્ગ અને અનુનાસિક વર્ણયુક્ત શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરતા થયા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- વિદ્યાર્થીઓને વારંવાર અને અવારનવાર સંસ્કૃત ભાષાના ઉચ્ચારણ અને વાંચનનો અનુભવ પૂરો પાડવો.
- સહ અભ્યાસિક પ્રવૃત્તિઓને વૈવિધ્યપૂર્ણ બનાવવી.
- શુદ્ધ ઉચ્ચારણ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
- ભૂલો કરતા વિદ્યાર્થીઓને પુનરાવર્તન કરાવી તેનું પાયાનું જ્ઞાન મજબૂત કરવું.

## સંશોધન–2

- ❖ **વિષય** : અંગ્રેજી
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : ધોરણ–6 ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વાંચનમાં થતી સમસ્યાઓનો અભ્યાસ
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધાકનું નામ** : હર્ષાબેન આર. પાણકુટા
- ❖ **શાળાનું નામ** : જેગડવા ઉચ્ચ પ્રાથમિક શાળા, ધ્રાંગધ્રાં
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

સંશોધક દ્વારા જેગડવા ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચનમાં શા માટે મુશ્કેલી અનુભવે છે તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- અંગ્રેજી વાંચન કરતી વખતે વિદ્યાર્થીઓ કેવી કેવી મુશ્કેલીઓ અનુભવે છે તેના કારણો તપાસવા.
- અંગ્રેજી વાંચનમાં થતી ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને આઠ સપ્તાહનો દરરોજ ઓછામાં ઓછી 10 મિનિટ અને વધુમાં વધુ 20 મિનિટની પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ફ્લેશ કાર્ડ, શબ્દરમત, પિયર લર્નિંગ, ચિત્ર આધારિત વાર્તા, રોલ–પ્લે જેવી પ્રવિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચનનો મહાવરો કરાવવામાં આવ્યો હતો.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં જેગડવા ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6ના 25 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ફ્લેશ કાર્ડ, શબ્દરમત, વિવિધ રમતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી સંશોધક દ્વારા રચવામાં આવી હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

પૂર્વ કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની સરાસરી 12 ગુણ હતા. જ્યારે ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની સરાસરી 18 ગુણ હતા. આમ, 50%નો સુધારો જોવા મળ્યો હતો.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- વર્ગખંડમાં દરરોજ ઓછામાં ઓછી 10  મિનિટ સમૂહવાંચનની પ્રવૃત્તિ કરાવવી.
- ફ્લેશકાર્ડ, શબ્દરમત, શબ્દમેળાપ જેવી પ્રવૃત્તિઓ દ્વારા શબ્દભંડોળ સમૃદ્ધ કરવું.
- વિદ્યાર્થીઓને પૂરક વાંચન કરવા તરફ પ્રેરિત કરવા.
- આત્મવિશ્વાસપૂર્વક અંગ્રેજી વાંચન કરી શકતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

## સંશોધન–૩

- ❖ **વિષય** : શ્રીમદ્દ ભગવદ્દ ગીતા (વૈકલ્પિક વિષય)
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : ધોરણ–6 ના વિદ્યાર્થીઓ શ્રીમદ્દ ભગવદ્દ ગીતાના શ્લોકોનું યોગ્ય રીતે ગાન કરી શકતા નથી
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધાકનું નામ** : વર્ષાબેન એચ. પંડ્યા
- ❖ **શાળાનું નામ** : પ્રાથમિક શાળા નં. –10, ધ્રાંગધ્રાં
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રીમદ્દ ભગવદ્દ ગીતાનો અભ્યાસ  કરાવતા સંશોધકે અનુભવ્યું કે, વિદ્યાર્થીઓ શ્રીમદ્દ ભગવદ્દ ગીતાના શ્લોકોનું યોગ્ય રીતે ગાન કરી શકતા નથી. તેઓ શ્લોકોનું ગાન કરતા સંકોચ અનુભવે છે, શબ્દોને તોડફોડ કરી વાંચે છે, ખોટું ઉચ્ચારણ કરે છે આ

પાછળના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- શ્રીમદ્દ ભગવદ્દ ગીતાના શ્લોકોનું યોગ્ય રીતે ગાન ન કરી શકવાના કારણો તપાસવા.
- ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને પાંચ દિવસના રોજના બે તાસ લેખે કુલ દસ તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળા નં. –10, ધ્રાંગધ્રાંના ધોરણ–6ના 28 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- 85% વિદ્યાર્થીઓ શ્લોકગાનમાં રસ ધરાવતા થયા હતા.
- 80% વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસપૂર્વક શ્લોકગાન કરી શકતા હતા.
- શ્લોકગાનના પુનરાવર્તનને કારણે 68% વિદ્યાર્થીઓ શ્લોક કંઠસ્થ કરી શક્યા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- વર્ગખંડમાં દૃશ્ય–શ્રાવ્ય સાધનોની મદદથી શ્લોકોનું છંદબદ્ધ ગાન કરાવવું.
- શ્લોકનો અર્થ સુયોગ્ય દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરવો.
- શ્લોકનું વારંવાર દ્રઢીકરણ કરાવવું.

## સંશોધન–4

- ❖ **વિષય** : ગુજરાતી
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : શ્રી નરાળી ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં કાળ ઓળખવામાં ભૂલ કરે છે
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધાકનું નામ** : મયુરધ્વજ પી. કઠોલા
- ❖ **શાળાનું નામ** : નરાળી ઉચ્ચ પ્રાથમિક શાળા
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

વિદ્યાર્થીઓ વાક્ય કયા કાળનું છે  તે ઓળખવામાં ભૂલો કરતા હતા જેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- કાળને ઓળખી ન શકવાના કારણો તપાસવા.
- ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને કુલ દસ તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વાક્ય પેટી, વાક્ય પટ્ટી, કાર્ડ્સ, વ્યાકરણ ચાર્ટ વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં નરાળી ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6ના 7 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીની રચાના કારવામાં આવી હતી.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ ટી–કસોટીને આધારે કર્યું હતું.

(4) **અભ્યાસના તારણો**

પ્રસ્તુત અભ્યાસમાં ટી–મૂલ્ય 3.86 પ્રાપ્ત થયું હતું. જે 0.01 કક્ષાએ સાર્થક હતું. આમ, વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર  કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. આમ, પ્રાયોગિક કાર્યક્રમ સફળ રહ્યો હતો.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- અભ્યાસક્રમમાં સમાવિષ્ટ તમામ કાળની પ્રવૃત્તિઓ કરાવવી.
- કાળની સમજૂતી સ્પષ્ટ કરવા વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ.
- કાળનો મહાવરો કરાવવો.
- કાળની સમજ દૃઢ કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી.

## સંશોધન–5

- ❖ **વિષય** : ગૃહકાર્ય
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : શ્રી પ્રાથમિક શાળા નં. –14, ધ્રાંગધ્રાંના ધોરણ–6ના વિદ્યાર્થીઓ ગૃહકાર્ય સમજપૂર્વક કરતા નથી
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધાકનું નામ** : હાર્દિકકુમાર ડી. ધામેચા
- ❖ **શાળાનું નામ** : પ્રાથમિક શાળા નં. –14, ધ્રાંગધ્રાં
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

વિદ્યાર્થીઓ ગૃહકાર્ય સમજપૂર્વક કરતા ન હતા જેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- ગૃહકાર્ય સમજપૂર્વક ન કરી લાવવા માટેના કારણો જાણવા.
- વિદ્યાર્થીઓ ગૃહકાર્ય નિયમિત રીતે અને સમજપૂર્વક કરતા થાય તે માટેનો શૈક્ષણિક કાર્યક્રમ રચવો.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળા નં.–14, ધ્રાંગધ્રાંના ધોરણ–6ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મૂલ્યાંકન માટે અવલોકન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- ૭૦% વિદ્યાર્થીઓ ગૃહકાર્ય નિયમિત રીતે અને સમજપૂર્વક કરતા થયા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- વિવિધ વિષયોનું ગૃહકાર્ય આપતી વખતે યોગ્ય સંકલન જાળવવું જોઈએ.
- ગૃહકાર્ય નિયમિત રીતે અને સમજપૂર્વક કરવાના ફાયદા સમજાવવા જોઈએ.
- શિક્ષકે નિયમિત રીતે ગૃહકાર્ય તપાસવું જોઈએ.

## સંશોધન–6

- ❖ **વિષય** : સંસ્કૃત
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : શ્રી સતાપર પ્રાથમિક શાળાના ધોરણ–8ના કેટલાક વિદ્યાર્થીઓ શ્લોક કંઠસ્થ કરવામાં મુશ્કેલી અનુભવે છે
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધાકનું નામ** : ક્રિષ્ણાબેન એમ. વ્યાસ
- ❖ **શાળાનું નામ** : શ્રી સતાપર પ્રાથમિક શાળા, ધ્રાંગધ્રાં
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

સંસ્કૃત વિષયનો અભ્યાસ કરાવતા સંશોધકે અનુભવ્યું કે, વિદ્યાર્થીઓ શ્લોકોનું યોગ્ય રીતે ગાન કરી શકતા નથી. તેઓ શ્લોકોનું ગાન કરતા સંકોચ અનુભવે છે, શબ્દોને તોડફોડ કરી વાંચે છે, ખોટું ઉચ્ચારણ કરે છે, તેઓ  શ્લોક કંઠસ્થ કરી શકતા નથી આ પાછળના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- શ્લોક કંઠસ્થ ન કરી શકવાના કારણોની ચકાસણી કરવી.
- શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી સતાપર પ્રાથમિક શાળા, ધ્રાંગધ્રાંના ધોરણ–8ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- 72% વિદ્યાર્થીઓ શ્લોકગાનમાં રસ ધરાવતા થયા હતા.
- 65% વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસપૂર્વક શ્લોકગાન કરી શકતા હતા.
- શ્લોકગાનના પુનરાવર્તનને કારણે 60% વિદ્યાર્થીઓ શ્લોક કંઠસ્થ કરી શક્યા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- વર્ગખંડમાં દૃશ્ય–શ્રાવ્ય સાધનોની મદદથી શ્લોકોનું છંદબદ્ધ ગાન કરાવવું.

- શ્લોકનો અર્થ સુયોગ્ય દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરવો.
- શ્લોકનું વારંવાર દ્રઢીકરણ કરાવવું.

## સંશોધન–7

- ❖ **વિષય** : ગુજરાતી
- ❖ **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- ❖ **શીર્ષક** : ધોરણ–6ના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી વિષયમાં શ્રુતલેખનની પ્રક્રિયામાં થતી ભૂલોનો અભ્યાસ
- ❖ **ભાષા** : ગુજરાતી
- ❖ **સંશોધકનું નામ** : અબ્દુલરહીમ એ. વડગામા
- ❖ **શાળાનું નામ** : શ્રી ગેડિયા પ્રાથમિક શાળા, પાટડી
- ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી ગેડિયા પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓ શ્રુતલેખન કરતી વખતે ભૂલો કરતા હતા જેના મૂળભૂત કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- શ્રુતલેખનમાં વિદ્યાર્થીઓ દ્વારા થતી ભૂલો મૂળાક્ષરો અને વ્યાકરણના સંદર્ભમાં ચકાસી તેના કારણો જાણવા.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને છ તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં ગેડિયા પ્રાથમિક શાળાના ધોરણ–6ના 20 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી લેવામાં આવી હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

પૂર્વ કસોટીમાં મેળવેલ ગુણની સરાસરી કરતાં ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણની સરાસરી ઊંચી જોવા મળી હતી.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- બાળકો શાળાએ નિયમિત આવે તે માટે સમયાંતરે વાલી સંપર્ક કરવો જોઈએ.
- બાળકોને જોડાક્ષરોનો મુહાવરો કરાવવો.
- પ્રાદેશિકતા દૂર કરવા પ્રયત્ન કરવા.
- નબળા બાળકો પર વિશેષ ધ્યાન આપવું.
- લેખનરૂચી વધારવા વિવિધ રમતો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

**સંશોધન–8**

- **વિષય** : ગણિત
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ–6ના વિદ્યાર્થીઓને દશાંશ સંખ્યાના સરવાળા અને બાદબાકીની ગણતરીમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ડૉ. દિગંત એલ. દવે
- **શાળાનું નામ** : શ્રી રાજપર પે–સેન્ટર શાળા, પાટડી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

ધોરણ–6ના વિદ્યાર્થીઓને દશાંશ સંખ્યાના સરવાળા અને બાદબાકીની ગણતરીમાં પડતી મુશ્કેલીઓ પાછળના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- ધોરણ–6ના વિદ્યાર્થીઓને દશાંશ સંખ્યાના સરવાળા અને બાદબાકીની ગણતરીમાં પડતી મુશ્કેલીઓ પાછળના કારણો જાણવા.
- ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને છ દિવસનું રોજના બે તાસ એટલે કે કુલ 12 તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી રાજપર પે–સેન્ટર શાળા, પાટડીના ધોરણ–6ના 30 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીની રચના કરવામાં આવી હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારી તેમજ મધ્યવર્તી સ્થિતિમાનના વિવિધ માપો અને ચતુર્થક વિચલનની ગણતરી કરી હતી.

## (4) અભ્યાસના તારણો

- પૂર્વ કસોટીમાં મેળવેલ ગુણની સરાસરી કરતાં ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણની સરાસરી ઊંચી જોવા મળી હતી.
- 40%થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પૂર્વ કસોટીમાં 8 હતી જયારે ઉત્તર કસોટીમાં તે ઘટીને 3 થઈ હતી. આમ, 38% જેટલો ઘટાડો થયો હતો.
- 40%થી 60%ની વચ્ચે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પૂર્વ કસોટીમાં 14 હતી જયારે ઉત્તર કસોટીમાં તે ઘટીને 9 થઈ હતી. આમ, 64% જેટલો ઘટાડો થયો હતો.
- 60%થી 80%ની વચ્ચે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પૂર્વ કસોટીમાં 7 હતી જયારે ઉત્તર કસોટીમાં પણ 7 હતી.

- 80%થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પૂર્વ કસોટીમાં 1 હતી જ્યારે ઉત્તર કસોટીમાં તે વધીને 11 થઈ હતી. આમ, 11 ગણો વધારો થયો હતો.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- વિદ્યાર્થીઓને દશાંશ વિશેની યોગ્ય સમજ આપવી જોઈએ.
- વિદ્યાર્થીઓને દશાંશ સંખ્યાઓની સ્થાનકિંમત વિશે યોગ્ય સમજ આપવી જોઈએ.
- દશાંશ સંખ્યાના ઉપયોગો અને તેની ગણતરી અંગે યોગ્ય સમજ પૂરી પાડવી જોઈએ.
- વિદ્યાર્થીઓને દશાંશ સંખ્યાઓના સરવાળા અને બાદબાકી આધારિત વ્યવહારુ કોયડાઓનો મુહાવરો કરાવવો જોઈએ.

## સંશોધન–9

- **વિષય** : ગુજરાતી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : પાટડી તાલુકાની દેગામ પ્રાથમિક શાળાના ધોરણ–7 ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા રજૂ કરી શકતા નથી
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધકનું નામ** : ડૉ. ચંદ્રકાન્ત બી. પરમાર
- **શાળાનું નામ** : દેગામ પ્રાથમિક શાળા, પાટડી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

દેગામ પ્રાથમિક શાળા, પાટડીના ધોરણ–7ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા રજૂ કરી શકતા ન હતા જે બાબતના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- દેગામ પ્રાથમિક શાળા, પાટડીના ધોરણ–7ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા રજૂ કરી શકતા ન હતા જે બાબતના કારણો જાણવા.
- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચાર દિવસનું કુલ 6 તાસનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં દેગામ પ્રાથમિક શાળા, પાટડીના ધોરણ–7ના 28 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં 16 કુમારો અને 12 કન્યાઓનો સમાવેશ થતો હતો.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા વિરામચિહ્નોની ઓળખ માટેના ચાર્ટ્સ, પોસ્ટર્સ અને ICT જેવા માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પ્રશ્નોત્તરી, જૂથચર્ચા, સંવાદ, અવલોકન જેવી પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- ૪૧% વિદ્યાર્થીઓ વાર્તા રસપ્રદ રીતે રજૂ કરી શકતા હતા.
- ૭૦% વિદ્યાર્થીઓમાં વિરામચિહ્નોની સમજ દૃઢ બની હતી.
- ૭૦% વિદ્યાર્થીઓ ઈત્તર વાંચન કરવા પ્રેરિત થયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- વિદ્યાર્થીઓની વાંચન સંબંધિત કચાસ દૂર કરવી જોઈએ.
- વિદ્યાર્થીઓને વિરામચિહ્નોની પૂરતી સમજ આપવી જોઈએ.
- શાળા પુસ્તકાલયમાં વાર્તાના પુસ્તકો વસાવવા જોઈએ.
- શિક્ષકે કોઈ એક એકમને વાર્તા સ્વરૂપે વિદ્યાર્થીઓ સમક્ષ યોગ્ય હાવભાવપૂર્વક રજૂ કરવો જોઈએ.
- શાળા કક્ષાએ વાર્તા સ્પર્ધાનું આયોજન કરવું જોઈએ.

## સંશોધન–10

- **વિષય** : અંગ્રેજી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ–8ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ લેતા નથી
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ચિરાગ બી. લખતરીયા
- **શાળાનું નામ** : બી.આર.સી. કૉ–ઓર્ડિનેટર, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

અંગ્રેજી વિષય પ્રત્યેની ધોરણ–8ના વિદ્યાર્થીઓની નીરસતા માટેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- અંગ્રેની વિષય પ્રત્યેની નીરસતાના કારણો જાણવા.
- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ–8ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા Spelling Games, Word building Games, Storytelling, Roll-playનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પ્રશ્નોત્તરી, જૂથચર્ચા, સંવાદ, અવલોકન જેવી પ્રયુક્તિઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- Listening અને Speaking Skillsમાં સારી પ્રગતિ જોવા મળી હતી.
- જૂથકાર્યને કારણે વિદ્યાર્થીઓમાં સંવાદ કૌશલ્યનો વિકાસ થયો હતો.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- વર્ગખંડમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય થવું જોઈએ.
- દૃશ્ય–શ્રાવ્ય સાધનોનો સુયોગ્ય ઉપયોગ કરવો જોઈએ.
- દૈનિક જીવનમાં ઉપયોગી એવા સરળ વાક્યોનો મહાવરો કરાવવો જોઈએ.

# સંશોધન–11

- **વિષય** : શિસ્ત
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ત્રણ–ચાર દિવસની લાંબાગાળાની રજા બાદ વિદ્યાર્થીઓ એક–બે દિવસ શાળાએ આવતા નથી
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ડૉ. મહિપાલસિંહ પી. પરમાર
- **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઓર્ડિનેટર, સરલા, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

## (1) પ્રસ્તાવના

ત્રણ–ચાર દિવસની લાંબાગાળાની રજા બાદ વિદ્યાર્થીઓ એક–બે દિવસ શાળાએ આવતા નથી તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- શાળાએ ન આવવા પાછળના કારણો જાણવા.
- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રત્યક્ષ નિરીક્ષણ, મુલાકાત અને અવલોકન જેવી પ્રયુક્તિઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

**3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- જાહેર રજા કરતાં તહેવાર પછીના એક–બે દિવસ વિદ્યાર્થીઓ શાળાએ આવતા ન હતા.

- સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું શાળા કક્ષાએથી આયોજન કરવામાં આવતા વિદ્યાર્થીઓની ગેરહાજરીનું પ્રમણ ઘટ્યું હતું.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- શાળામાં નિયમિત અને સમયસર હાજર રહેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- શાળા કક્ષાએ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજવા જોઈએ.
- શિક્ષકોએ વાલીઓની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ.

## **સંશોધન**–12

- **વિષય** : ગુજરાતી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : વિદ્યાર્થીઓ સમાસ ઓળખવામાં ભૂલ કરે છે
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : કે. ટી. ભાયાણી
- **શાળાનું નામ** : સી.આર.સી. કૉ–ઓર્ડિનેટર, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

ધોરણ–8 (અ)ના વિદ્યાર્થીઓ દ્વારા સમાસ ઓળખવામાં થતી ભૂલોના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- સમાસ ઓળખવામાં થતી ભૂલો અને તેના કારણોનો અભ્યાસ કરવો.

- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને એક અઠવાડિયા માટે રોજના એક તાસ માટેનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ–8 (અ)ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા વિદ્યાર્થીઓમાં સમાસની સંકલ્પના સ્પષ્ટ કરવા ચાર્ટ, ICT જેવા માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- વિદ્યાર્થીઓ વ્યાકરણ શીખવા તત્પર બન્યા હતા.
- વિદ્યાર્થીઓ સમાસની ઓળખ કરતા થયા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- શિક્ષકે પૂરતા પ્રમાણમાં વિવિધ દૃષ્ટાંતો આપી સમાસ સમજાવવા જોઈએ.
- દ્રઢીકરણ અને પુનરાવર્તન માટે યોગ્ય આયોજન કરવું જોઈએ.

## સંશોધન–13

- **વિષય** : મનોવિજ્ઞાન
- **સ્તર** : પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : કેટલાક વિદ્યાર્થીઓ રિસેસ (વિરામ) દરમિયાન વર્ગમાં જ બેસી રહે છે
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : જયપાલસિંહ મોરી
- **શાળાનું નામ** : સી.આર.સી. કો–ઓર્ડિનેટર, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

કેટલાક વિદ્યાર્થીઓ રિસેસ દરમિયાન વર્ગખંડમાં જ બેસી રહેતા હતા તે પાછળના કારણો જાણવા સંશોધક દ્વારા ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- વિદ્યાર્થીઓ રિસેસ દરમિયાન મેદાનમાં મિત્રો સાથે સમય પસાર કરવાને બદલે વર્ગખંડમાં બેસવાનું પસંદ કરે છે તે માટેના કારણો જાણવા.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં મુળી તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- વિદ્યાર્થીઓ રિસેસ સમયનો સદ્ઉપયોગ કરતા થયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- વિદ્યાર્થીઓને વિવિધ રમતોમાં જોડવા જોઈએ.
- અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરવા જોઈએ.

## સંશોધન–14

- **વિષય** : મનોવિજ્ઞાન
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ

- **શીર્ષક** : ધોરણ–6ના વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી વિગતો, પુસ્તકોનું વાંચન કરવું ગમે છે, અન્ય વાંચનને નિરર્થક માને છે
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : દિનેશકુમાર એન. જોશી
- **શાળાનું નામ** : શ્રી લીમલી કુમાર પ્રાથમિક શાળા, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

લીમલી પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓને ઈત્તર વાંચન પ્રવૃત્તિ ગમતી નથી તેની પાછળના કારણો જાણવા સંશોધક દ્વારા ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- લીમલી પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓને ઈત્તર વાંચન પ્રવૃત્તિ ગમતી નથી તેની પાછળના કારણો જાણવા.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં મુળી તાલુકાની લીમલી પ્રાથમિક શાળાના ધોરણ–6ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- ૪૦% વિદ્યાર્થીઓને ઈત્તર વાંચન પ્રવૃત્તિ તરફ વાળી શકાયા હતા.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- વિદ્યાર્થીઓને પુસ્તકાલયથી પરિચિત કરાવવામાં આવે. શાળા પુસ્તકાલયમાં રહેલાં વિવિધ પુસ્તકોથી પરિચિત કરાવવા જોઈએ.
- વિદ્યાર્થીઓને વાંચન માટેનો પૂરતો સમય અને અવકાશ આપવો જોઈએ.

## સંશોધન–15

- **વિષય** : અંગ્રેજી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ–6ના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાના વાંચનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ખ્યાતિ એચ. મહેતા
- **શાળાનું નામ** : શ્રી જસાપર ઉચ્ચ પ્રાથમિક શાળા, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

સંશોધક દ્વારા શ્રી જસાપર ઉચ્ચ પ્રાથમિક શાળા, મુળીના ધોરણ–6ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચનમાં શા માટે મુશ્કેલી અનુભવે છે તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- અંગ્રેજી વાંચન કરતી વખતે વિદ્યાર્થીઓ કેવી કેવી મુશ્કેલીઓ અનુભવે છે તેના કારણો તપાસવા.
- અંગ્રેજી વાંચનમાં થતી ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચાર દિવસ માટેનું દરરોજના બે તાસ લેખે કુલ આઠ તાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શબ્દકાર્ડ, શબ્દરમત, વાક્ય પટ્ટી, ચિત્ર આધારિત વાર્તા, રોલ–પ્લે જેવી પ્રવિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચનનો મહાવરો કરાવવામાં આવ્યો હતો.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં જેગડવા ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ–6ના 24 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં શબ્દકાર્ડ, વાક્ય પટ્ટી, વિવિધ રમતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન માટે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી સંશોધક દ્વારા રચવામાં આવી હતી.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- છ વિદ્યાર્થીઓના વાંચનમાં થતી ભૂલોમાં 90% થી 100% ઘટાડો થયો હતો.
- છ વિદ્યાર્થીઓના વાંચનમાં થતી ભૂલોમાં 60% થી 70% ઘટાડો થયો હતો.
- બાર વિદ્યાર્થીઓના વાંચનમાં થતી ભૂલોમાં 30% થી 50% ઘટાડો થયો હતો.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- વર્ગખંડમાં દરરોજ ઓછામાં ઓછી 10 મિનિટ સમૂહવાંચનની પ્રવૃત્તિ કરાવવી.
- ફ્લેશકાર્ડ, શબ્દરમત, શબ્દમેળાપ જેવી પ્રવૃત્તિઓ દ્વારા શબ્દભંડોળ સમૃદ્ધ કરવું.
- વિદ્યાર્થીઓને પૂરક વાંચન કરવા તરફ પ્રેરિત કરવા.
- આત્મવિશ્વાસપૂર્વક અંગ્રેજી વાંચન કરી શકતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

## સંશોધન–16

- **વિષય** : અંગ્રેજી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ત્રિમાસિક કસોટીના મળેલ પરિણામોના આધારે ધોરણ–6ના અંગ્રેજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે પાઠ આયોજન

- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ધ્વનીબેન એ. મેંઢા
- **શાળાનું નામ** : શ્રી કુકડા પ્રાથમિક શાળા, મુળી
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા ત્રિમાસિક કસોટીના મળેલ પરિણામોના આધારે ધોરણ–6ના અંગ્રેજી વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે પાઠ આયોજન કરવામાં આવ્યું હતું.

- **EN626 વાક્ય અને પરિચ્છેદમાં યોગ્ય વિરામચિહ્નો મૂકે છે.**

**અધ્યયન બિંદુઓ** :

- વિરામચિહ્નોની ઓળખ
- વિરામચિહ્નોનું શ્રવણ
- વિરામચિહ્નોનું વાંચન
- વિરામચિહ્નોનું લેખન

EN626 કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે સંશોધકે 26 જેટલી પ્રવૃત્તિઓનું નિર્માણ કર્યું હતું. જો વર્ગખંડની અંદર શિક્ષક દ્વારા આ પ્રવૃત્તિઓ ક્રમિક રીતે કરાવવામાં આવે તો વિદ્યાર્થીઓમાં વિરામચિહ્નો અંગેની સમજ વધુ દૃઢ થઈ શકે છે.

- **EN630 ચિત્ર કે વસ્તુઓનું ત્રણથી પાંચ વાક્યોમાં વર્ણન કરે છે.**

**અધ્યયન બિંદુઓ** :

- વિદ્યાર્થીઓ અવલોકન કરીને ચિત્રની ઓળખ મેળવે છે.
- વિદ્યાર્થીઓ ચિત્રમાં રહેલી વસ્તુઓના નામ અંગ્રેજીમાં બોલે છે અને લખે છે.
- વસ્તુઓનું એકવચન અને બહુવચનમાં વર્ગીકરણ કરે છે.
- TO be ના રૂપનો ઉપયોગ કરીને વાક્ય બનાવે છે.

- વાક્યમાં સર્વનામ (Preposition)નો ઉપયોગ કરે છે.

EN630 કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે સંશોધકે 10 જેટલી પ્રવૃત્તિઓનું નિર્માણ કર્યું હતું.

❖ **<u>EN625</u> સમયને અંગ્રેજીમાં દર્શાવી શકે છે.**

**અધ્યયન બિંદુઓ** :

- વિદ્યાર્થીઓ સમયનું અંગ્રેજીમાં શ્રવણ કરી સમજતા થાય.
- વિદ્યાર્થીઓ સમયનું અંગ્રેજીમાં કથન કરતા થાય.
- વિદ્યાર્થીઓ સમયનું અંગ્રેજીમાં વાંચન કરતા થાય.
- વિદ્યાર્થીઓ સમયનું અંગ્રેજીમાં લેખન કરતા થાય.

EN625 કઠિન અધ્યયન નિષ્પત્તિના સરળીકરણ માટે સંશોધકે 14 જેટલી પ્રવૃત્તિઓનું નિર્માણ કર્યું હતું.

## **સંશોધન**–17

| | | |
|---|---|---|
| ❖ **વિષય** | : | વિજ્ઞાન |
| ❖ **સ્તર** | : | ઉચ્ચ પ્રાથમિક વિભાગ |
| ❖ **શીર્ષક** | : | ધોરણ–7માં પ્રકરણ–8માં પરાગનયન, પ્રકરણ–9માં આવર્તકાળ, પ્રકરણ–11માં અંતર્ગોળ અને બહિર્ગોળ અરિસા અને લેન્સ વચ્ચેનો તફાવત તેના વડે મળતા પ્રતિબિંબ જ્યારે પ્રકરણ–12માં વિઘટકો, વનનાબૂદી વગેરે શબ્દો સમજવામાં મુશ્કેલી પડે છે |
| ❖ **ભાષા** | : | ગુજરાતી |
| ❖ **સંશોધાકનું નામ** | : | ગોરધનભાઈ રાઠોડ |
| ❖ **શાળાનું નામ** | : | મોટા કાંધાસર પ્રાથમિક શાળા, ચોટીલા |
| ❖ **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** | : | 2025–26 |

## (1) પ્રસ્તાવના

સંશોધક દ્વારા ધોરણ–7 વિજ્ઞાન વિષયમાં કેટલાક પારિભાષિક શબ્દોની સંકલ્પના સમજવામાં વિદ્યાર્થીઓને જે મુશ્કેલીઓ અનુભવાય છે તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## (2) અભ્યાસના હેતુઓ

- વિજ્ઞાન વિષયના કેટલાક પારિભાષિક શબ્દોની સમજ કેળવવામાં વિદ્યાર્થીઓને અનુભવાતી મુશ્કેલીઓના કારણો તપાસવા.
- અંગ્રેજી વાંચનમાં થતી ભૂલોના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને ચાર તાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં મોટા કાંધાસર પ્રાથમિક શાળાના ધોરણ–7ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં જાસુદનું પુષ્પ, અરિસા અને લેન્સ, સાદું લોલક, મોબાઈલ જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

3.5 **માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- વિદ્યાર્થીઓ પરાગનયન વિશે માહિતગાર બન્યા હતા.
- વિદ્યાર્થીઓ અંતર્ગોળ અને બહિર્ગોળ અરિસા વચ્ચેનો તફાવત સમજી શક્યા હતા.
- વિદ્યાર્થીઓ વનનાબૂદીની અસરો જણાવી શક્યા હતા.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- શિક્ષકે જુદા જુદા પુષ્પો એકત્રિત કરી સ્ત્રીકેસર અને પુંકેસરના ભાગોની સમજ આપવી જોઈએ.
- અંતર્ગોળ અને બહિર્ગોળ અરિસા અને લેન્સનું વર્ગખંડમાં પ્રત્યક્ષ નિદર્શન કરી સમજ આપવી જોઈએ.

## **સંશોધન**–18

- **વિષય** : મનોવિજ્ઞાન
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ–6ના વિદ્યાર્થીઓની પુસ્તકાલયના પુસ્તક વાંચન અંગેની ઉદાસીનતાનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ડૉ. સ્વીટીબેન સી. પુજારા
- **શાળાનું નામ** : પ્રાથમિક શાળા નં. – 3, ચોટીલા
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી પ્રાથમિક શાળા નં.–3, ચોટીલાના ધોરણ–6ના વિદ્યાર્થીઓ પુસ્તકાલયના પુસ્તકો વાંચવામાં ઉદાસીનતા ધરાવતા હતા, જે સમસ્યા સંશોધકના ધ્યાને આવતા તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- પુસ્તક વાંચન પ્રત્યેની ઉદાસીનતા માટેના કારણો જાણવા.
- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને અઠવાડિક પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી પ્રાથમિક શાળા નં.–3, ચોટીલાના ધોરણ–6ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- ૪0% જેટલી સફળતા પ્રાપ્ત થઈ હતી.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- શાળા કક્ષાએ પુસ્તકો નિયમિત રીતે ઈસ્યુ કરવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- તમામ બાળકો પુસ્તકાલયનો ઉપયોગ કરે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- જો બાળકથી કોઈ પુસ્તક ખોવાઈ જાય કે ફાટી જાય ત્યારે તેને સજા ન કરતા પ્રેમપૂર્વક સમજાવવું જોઈએ.
- પુસ્તકાલયમાં બાળકોની વયકક્ષા અને માનસિકકક્ષાને ધ્યાને લઈ પુસ્તકો વસાવવા જોઈએ.

**સંશોધન–19**

- **વિષય** : ગુજરાતી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ–7ના વિદ્યાર્થીઓને ગુજરાતી નિબંધ લેખનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : ભાવનાબેન જી. પરમાર
- **શાળાનું નામ** : શ્રી પે-સેન્ટર શાળા નં.–1, ચોટીલા
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

(1) **પ્રસ્તાવના**

શ્રી પે–સેન્ટર શાળા નં. – 1, ચોટીલાના ધોરણ–7ના વિદ્યાર્થીઓ ગુજરાતી નિબંધ લેખનમાં ભૂલો કરતા હતા, જે સમસ્યા સંશોધકના ધ્યાને આવતા તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

(2) **અભ્યાસના હેતુઓ**

- વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી નિબંધ લેખનમાં થતી ભૂલો અને તેના કારણો જાણવા.
- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

(3) **કાર્ય પદ્ધતિ**

**3.1 સંશોધન યોજના**

સમસ્યાના સંભવિત કારણો તપાસીને અઠવાડિક પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

**3.2 નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રી પે–સેન્ટર શાળા નં. – 1, ચોટીલાના ધોરણ–7ના કુલ 30 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**3.3 ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત સંશોધક દ્વારા પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી લેવામાં આવી હતી.

**3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના ગુણ ચકાસી તારણો તારવવામાં આવ્યા હતા.

3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

(4) **અભ્યાસના તારણો**

- 70% વિદ્યાર્થીઓના નિબંધ લેખન કૌશલ્યમાં સુધારો જોવા મળ્યો હતો.
- 55% વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના ગુણમાં તેઓના પૂર્વ કસોટીના ગુણ કરતાં 50% જેટલો સુધારો થયો હતો.

(5) **શાળા શિક્ષણ કે શિક્ષક–પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ**

- નિબંધોને વિવિધ શ્રેણી જેવી કે તહેવારો, સ્પોર્ટ્સ, કરન્ટ ઇસ્યૂસ વગેરેમાં વર્ગીકૃત કરી, નિબંધની શરૂઆત કેવી રીત કરવી, તેના મધ્ય ભાગમાં કેવા પ્રકારનું મૌલિક અને અનુભવજન્ય લખાણ લખવું અને તેના અંત ભાગમાં શું લખવું આ બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

**સંશોધન–20**

- **વિષય** : ગુજરાતી
- **સ્તર** : ઉચ્ચ પ્રાથમિક વિભાગ
- **શીર્ષક** : ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમાં વિશેષણની સમજનો અભ્યાસ
- **ભાષા** : ગુજરાતી
- **સંશોધાકનું નામ** : પ્રિયાંકકુમાર એમ. કોષ્ટિ
- **શાળાનું નામ** : બી.આર.સી. કૉ–ઑર્ડિનેટર, થાનગઢ
- **સંશોધન પૂર્ણ કર્યાનું વર્ષ** : 2025–26

## (1) પ્રસ્તાવના

થાનગઢ તાલુકાની પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ ગુજરાતીમાં વિશેષણ ઓળખવામાં ભૂલો કરતા હતા, જે સમસ્યા સંશોધકના ધ્યાને આવતા તેના કારણો જાણી તેનાં નિવારણ અર્થે પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## (2) અભ્યાસના હેતુઓ

- વિદ્યાર્થીઓ દ્વારા વિશેષણની ઓળખમાં થતી ભૂલો અને તેના કારણો જાણવા.
- સમસ્યાના નિવારણ અર્થે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.

## (3) કાર્ય પદ્ધતિ

### 3.1 સંશોધન યોજના

સમસ્યાના સંભવિત કારણો તપાસીને અઠવાડિક પ્રવૃત્તિઓનું ચોક્કસ પૂર્વ આયોજન સાથેનું પ્રયોગકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ચિત્રો, ચિત્રકાર્ડ, પ્રેઝન્ટેશન વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.2 નિદર્શ પસંદગી

પ્રસ્તુત અભ્યાસમાં થાનગઢ તાલુકાની પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

### 3.3 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા પ્રાયોગિક કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધકે પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીની રચના કરી હતી. તેમજ માવજત માટેનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ચિત્રો, ચિત્રકાર્ડ, વિશેષણોની સમજ સ્પષ્ટ કરતા દૃષ્ટાંત સાથેનું પ્રેઝન્ટેશન સામેલ હતું.

### 3.4 માહિતી એકત્રીકરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંભવિત કારણોની યાદી તૈયાર કરી સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સંભવિત કારણોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. તેને આધારે પ્રયોગકાર્યની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના ગુણ ચકાસી તારણો તારવવામાં આવ્યા હતા.

### 3.5 માહિતી વિશ્લેષણ અને પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરવા સાદી ટકાવારીનો ઉપયોગ કર્યો હતો.

## (4) અભ્યાસના તારણો

- સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવેલો કાર્યક્રમ અસરકારક સાબિત થયો હતો.

## (5) શાળા શિક્ષણ કે શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે અમલીકરણ

- સૌ પ્રથમ વિશેષણ અંગેની સમજ વિવિધ દૃષ્ટાંતો દ્વારા દૃઢ કરાવવી જોઈએ.
- વિશેષણના દરેક પ્રકારની સમજૂતી વિવિધ અને પૂરતા દૃષ્ટાંતોથી આપવી જોઈએ.